આનંદ, સુખ અને સેવા એ એવા અત્તર છે, કે જે બીજા પર જેટલા છાંટશો એટલી સુવાસ ભીંતરમાં ફેલાશે
- મોરારી બાપુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૧૨ | ૨ જુલાઇ, ૨૦૧૩, મંગળવાર; જયેષ્ઠ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સફાઈના મામલે મનપાની લાલ આંખ

## સફાઈની કામગીરી કરતી ખાનગી એજન્સી બ્લેકલીસ્ટ કરવામાં આવી : ડિપોઝીટ પણ જપ્ત કરાઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકાએ આજે સફાઈના મુદ્દે પોતાનુ ત્રીજુ લોચન ખોલ્યુ છે અને સફાઈની કામગીરી સંભાળતી વિકાસ એન્ટરપ્રાઈઝ નામક સંસ્થાને ૧।। વર્ષ માટે બ્લેકલીસ્ટ કરવાની સાથે તેની બિલની રકમ અને અર્નેસ્ટ મનીની રકમ જપ્ત કરવાનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરની સફાઈના મુદ્દે પ્રથમવાર કડક વલણ અખત્યાર કરવામાં આવ્યું છે જેનો સન્નાટો આજે કોર્પોરેશનમાં જોવા મળતો હતો.

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે ચેરમેનશ્રી આશીષ દવેની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં આ નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો. સ્થાયી સમિતિમાં ભાજપ અને કોંગ્રેસ પક્ષના સભ્યો છે. આ અંગે આજે કમિશ્નરશ્રીએ એક વિસ્તૃત દરખાસ્ત રજુ કરી હતી અને દરખાસ્ત પર ચર્ચા-વિચારણાને અંતે કંપનીને બ્લેકલીસ્ટ કરવા માટે તેમજ તેની બાકી નીકળતી રૂ. સાત લાખ જેટલી રકમ અને અર્નેસ્ટ મનીની ડિપોઝીટ પણ જપ્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

મહાનગરપાલિકા વિસ્તારના મુખ્ય પૂર્વ-પશ્ચિમ રોડ્ઝની સફાઈ કામગીરી આ સંસ્થા દ્વારા કરવામાં આવતી હતી. સંસ્થાની કામગીરીને

● અનુસંધાન પાના-૭ પર



વાદળો વરસાદના કે ચિંતાના : છેલ્લા એક અઠવાડીયાથી વરસાદની રાહ જોતા ખેડૂતો અને આમ પ્રજામાં દિવસે દિવસે ચિંતા વધતી જાય છે. અસહ્ય બફારો સામાન્ય જનજીવનમાં અકળામણ સર્જે છે અને જેથી વરસાદ માટે ભગવાનને આજીજી કરે છે. ખેડૂતો પણ રોજ સવારે એક જ પ્રાર્થના કરે છે કે હવે ભગવાન ધરતીની તરસ છીપાવવા વરસાદ સ્વરૂપે વરસે. પ્રિ-મોન્સુન એકટીવીટીમાં દરમિયાન ૧૨ થી ૧૪ ટકા જેટલો વરસાદ થઈ જતા વાવણીની પ્રક્રિયા આરંભાઈ પણ હવે વરસાદ ખેંચાતા ખેડૂતો સહિત સમગ્ર જનસમાજ ચિંતાના વાદળોથી ઘેરાયા છે. દરરોજ આકાશમાં વાદળો ઘેરાય છે, આશા બંધાય છે અને સાંજે વરસાદ નહીં વરસતા નિરાશાનું મોજું છલકાય છે. હવામાન વિભાગ અને જ્યોતિષશાસ્ત્રીઓ પણ ધીમે ધીમે પોતાની ગણતરીઓ બદલીને હવે પાંચમી સુધીમાં વરસાદ પડવાની આગાહી કરે છે. હવેના ત્રણ દિવસમાં વરસાદ વરસે એવી સૌની લાગણીનો ભગવાન સ્વિકાર કરે. (તસવીર : કશ્યપ નિમાવત)

## મનપામાં ૩૧ જગ્યા માટે ૧૧ હજારથી વધુ અરજદારો

### શાળાઓમાં આર.ઓ. પ્લાન્ટ અને વૃક્ષોના જતન માટે ટ્રી ગાર્ડ આપવાનો પણ નિર્ણય કરાયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૨૦ જેટલા જુદા જુદા સંવર્ગ માટે ભરતી કરવાની પ્રક્રિયા આગામી એક માસમાં પૂર્ણ કરવાની સત્તા આજે મ્યુનિ. કમિશનરશ્રીને આપવામાં આવી છે.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મળેલ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ૨૦ સંવર્ગની ૩૧ જેટલી જગ્યાઓ માટે ૧૧ હજારથી વધુ અરજીઓ તંત્રને મળી છે.

મળતી વિગતો મુજબ આ ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવા તેમજ તેનું પરિણામ તૈયાર કરી અને પસંદગીની પ્રક્રિયા સુધીની જવાબદારી સરદાર પટેલ વહીવટીય તાલિમ ભવનને સોંપવામાં આવી છે.

આ અંગે અરજીઓની ચકાસણી અને અન્ય આનુસંગિક કામગીરી સંપન્ન થઈ ગયાનું કમિશ્નરશ્રીએ આજે સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં જણાવ્યું હતું.

કર્મચારીઓની ભરતીની પ્રક્રિયા ઝડપી બને તે માટે આજે આ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે.

આજે મળેલ સ્ટેન્ડીગ કમિટીની બેઠકમાં શાળાઓ માટે આર.ઓ. પ્લાન્ટ કાઉન્સીલરોની ગ્રાન્ટમાંથી

● અનુસંધાન પાના-૭ પર



રથયાત્રા આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે તેની તૈયારીઓ સૌકોઈ તરફથી શરૂ કરી દેવામાં આવી છે. અમદાવાદના જૂના અખાડાઓના અખાડિયનોએ પણ રથયાત્રા દરમ્યાન પોતાના કરતબ દર્શાવવા માટે રિહર્સલ્સનો આરંભ કરી દીધો છે.

### પાંડે વિરૂદ્ધ ૨૦૧૧માં એફઆઈઆર થઈ હતી

## ઈશરત કેસ : હાઈકોર્ટે પી.પી. પાંડેની ક્વોશીંગ અરજી ફગાવી

### સીબીઆઇને ઇશરત જહાં કેસમાં ચોથી જુલાઇ સુધીમાં ચાર્જશીટ ફાઇલ કરવાની રહેશે

અમદાવાદ,તા.૧

ઈશરત જહાં નકલી એન્કાઉન્ટર કેસમાં પોલીસ અધિકારી પી.પી. પાંડેએ ગુજરાત હાઈકોર્ટમાં કરેલી અરજીને આજે ફગાવી દેવામાં આવી છે. ઈશરત જહાં કેસમાં સીબીઆઇ દ્વારા વર્ષ ૨૦૧૧માં પાંડે વિરૂદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. જેમાં આ એફઆઈઆર રદ કરવા માટેની અરજી હાઈકોર્ટમાં કરવામાં આવી હતી. ઈશરત જહાં નકલી એન્કાઉન્ટરમાં થોડા દિવસ અગાઉ પાંચ પોલીસ કર્મીઓને ડિફોલ્ટ જામીનનાં આધારે મુક્ત કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ઈશરત કેસમાં ૯૦ દિવસનો સમયગાળો પુર્ણ થઈ ગયો હોવા છતાં ચાર્જશીટ ફાઈલ ન થતાં ભરત પટેલ અને જી.એલ. સિંઘલ સહિતનાં પોલીસ કર્મીઓ દ્વારા સીબીઆઈ કોર્ટમાં જામીન અરજી કરવામાં આવી હતી. જેને કોર્ટ દ્વારા માન્ય રખાતા આ પાંચ પોલીસકર્મીઓને જામીન મુક્ત કરાયા હતા. આ કેસમાં થોડા દિવસ અગાઉ સેશન્સ કોર્ટનાં સરકારી વકિલ સુધીર બ્રહ્મભટ્ટની પુછપરછ કરવામાં આવી હતી.

નોંધનીય છે કે સીબીઆઈએ કોલ ડિટેઈલ્સનાં આધારે બ્રહ્મભટ્ટ પુછપરછ કરી હતી. બ્રહ્મભટ્ટ દ્વારા ઈશરત કેસનાં તપાસની વધારે તપાસ ન થાય ત્યાં સુધી તે બાબતનાં કોલ ગૃહવિભાગમાં કરવા માન્ય હતા. પાંડે દ્વારા કરવામાં આવેલી અરજીની સુનાવણી અગાઉ જજ એસઆર બ્રહ્મભટ્ટ સમક્ષ હાથ ધરાઇ હતી. પરંતુ બ્રહ્મભટ્ટ દ્વારા અગાઉ આ કેસમાં વણજારાની પ્રતિનિધત્વ કરવામાં આવ્યું હોવાનાં કારણે તેમણે આ અરજી અંગે નોટ બિફોર મી કહ્યું હતું.

થોડા સમય પુર્વે સીબીઆઈ તુલસી પ્રજાપતી અને સાદિક જમાલ એન્કાઉન્ટર કેસનાં આરોપી પોલીસ અધિકારી ડી.જી. વણજારાની અરજીની પુછપરછ માટે મુંબઈની તલોજા જેલમાંથી સાબરમતી જેલમાં લાવી હતી. સીબીઆઈએ વણજારાને ઈશરત કેસમાં તપાસ માટે પાંચ દિવસનાં રિમાન્ડ મેળવ્યા હતા.

## ગાંધીનગરના કાઉન્સીલરો હવે પગાર વધારા માટે સક્રિય થયા

### જામનગર મનપાના પગલે આ પગાર વધારા માટે સભ્યોની ચાલતી ગુફતેગો : આગામી બેઠકમાં પ્રસ્તાવની શક્યતા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સીલરો દ્વારા તેમના પગારમાં વધારો કરવા માટેની હિલચાલનો આરંભ થયો છે અને આગામી સામાન્ય સભામાં આ અંગેની દરખાસ્ત આવે તેવી શક્યતાઓ છે.

મળતી વિગતો પ્રમાણે જામનગર મહાનગરપાલિકાએ તેના સભ્યોને અપાતા માનદ વેતનમાં વધારો સૂચવતી દરખાસ્ત પસાર કરી દીધી છે અને આ દરખાસ્તને આધારે ગાંધીનગર કોર્પોરેશનના કાઉન્સિલરોમાં પણ સળવળાટ શરૂ થયો છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં હાલ કાઉન્સીલરોને માસિક રૂ. ૩ હજાર જેટલુ માનદ્ વેતન ચૂકવવામાં આવે છે. જેમાં રૂ. ૫૦૦ ટેલિફોનના, રૂ. ૨ હજાર માનદ્વેતન, રૂ. ૩૦૦ સ્ટેશનરી ખર્ચ પેટે અને રૂ. ૨૦૦ બેઠકના એલાઉન્સ પેટે ચુકવવામાં આવે છે.

જામનગર મહાનગરપાલિકાએ સભ્યોને અપાતા માનદ વેતનમાં રૂ. ૩ હજારનો વધારો સૂચવ્યો છે જેની સામે ગાંધીનગરના કાઉન્સીલરો ૧૦૦ ટકા વધારો કરવા માટે દબાણ ઉભુ કરી રહ્યા છે. આ ઉપરાંત ટેલિફોનના દરોમાં થયેલા સુધારાને પગલે તેમાં રૂ. ૨૦૦નો વધારો કરવા માટે તેમજ સીટીંગ ફી ને પણ લગભગ બમણી કરવા માટેની રજુઆતો વિચારી રહ્યા છે.

કાઉન્સીલરો દ્વારા આ અંગે પક્ષાપક્ષીથી પર રહીને ગૃપ બેઠકો કરી આ મુદ્દે ચર્ચાઓ મુક્તમને કરવામાં આવી રહી છે. આ મુદ્દે હવે પછી મળનારી સામાન્ય સભામાં સર્વાનુમતે આ પ્રસ્તાવ રજુ થાય તેવા પ્રયાસો ચાલી રહ્યા છે.

## ધમાસણામાં આજે પંચાયતનો ત્રિવિધ કાર્યક્રમ આયુર્વેદના ઔષધીય વૃક્ષોનું વાવેતર થશે

ગાંધીનગર, તા. ૧

કલોલ તાલુકાના ધમાસણા ખાતે આવેલ સીડફાર્મની જમીન પૈકી પાંચ એકર વિસ્તારમાં આયુર્વેદ ઔષધ વન નિર્માણ માટે આજે વૃક્ષારોપણનો એક વિશેષ કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

તાલુકા જિલ્લા પંચાયતના સદસ્યો તેમજ પંચાયતોના સદસ્યો માટે મનરેગા યોજના અંગેની વિશેષ તાલીમનું પણ આ સાથે આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભાએ વર્ષ ૨૦૧૧માં આ સીડફાર્મ ખાતે આયુર્વેદ ઔષધ વન બનાવવા અંગેનો પ્રસ્તાવ પસાર કર્યો હતો. આ પછી વિવિધ મંજૂરી અને ચકાસણીને અંતે હવે આ સીડફાર્મની પાંચ એકર જમીનમાં આયુર્વેદ ઔષધ વન નિર્માણ કરવામાં આવશે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી બિપીનભાઈ ભટ્ટના વરદ હસ્તે અને પંચાયતના પ્રમુખશ્રીની ઉપસ્થિતિમાં યોજાનાર આ કાર્યક્રમ અંગેની તડામાર તૈયારીઓને આજે આખરી ઓપ આપી દેવાયો છે.

જિલ્લામાં મનરેગા યોજનાના અસરકારક અમલીકરણ માટે પંચાયતના સભ્યોને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા એક વિશેષ તાલીમ વર્ગનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સોશ્યલ ઓડિટ, યોજનાનો વ્યાપ, યોજનાનો હેતુ અને વિકાસના કામો કેવી રીતે હાથ ધરી શકાય તેની સવિસ્તર વિગતો સભ્યોને સમજાવવામાં આવશે.

## અમદાવાદ રથયાત્રાની સુરક્ષા મુદ્દે ગાંધીનગરમાં બેઠક યોજાઇ

અમદાવાદ,તા.૧

આગામી ૧૦ જુલાઈનાં રોજ અમદાવાદ ખાતેની નિકળનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રાની સુરક્ષાનાં મુદ્દે ગાંધીનગર ખાતે ગૃહવિભાગ દ્વારા એક બેઠકનું આયોજન કરાયું હતું જેમાં પોલીસનાં ઉચ્ચ અધિકારી તેમજ અધિકારીઓ હાજર રહ્યા હતા. જગન્નાથજીની રથયાત્રા દરવર્ષની જેમ શાંતિપુર્ણ યોજાય તે માટે આ બેઠકમાં સુરક્ષાનો એક્શન પ્લાન ઘડવામાં આવ્યામાં હતાં. રથયાત્રા જે સંવેદનશીલ વિસ્તારોમાંથી પસાર થાય છે. તેમાં ખાસ સુરક્ષાનું ધ્યાન રાખવામાં આવશે. આ ઉપરાંત એરિયર સર્વેક્ષણ પર કરાશે. નેત્ર નામના મિશન દ્વારા અવકાશી નિરિક્ષણ કરાશે. આ દરમિયાન કોઈ અનિચ્છીય બનાવ ન બને તે માટે સીસીટીવી કેમરા અને અન્ય સુરક્ષાના સાધનો રાખવામાં આવશે. દરેક સ્થળે પોલીસનો સઘન ચાપતો રહેશે. રથયાત્રા શાંતિપુર્ણ અને સલામત રીતે યોજાય તે માટે આ એક્શન પ્લાન ઘડવામાં આવ્યો હતો. જેમાં રથયાત્રાની સુરક્ષા મુદ્દે મહત્વની બાબતોની ચર્ચા કરવામાં આવી હતી.

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો ૯૭૧૪૧૯૮૩૬૬
મો ૯૪૨૬૨ ૭૦૪૮૧

વેલકમ હમ દિલસે કરતે હૈ...
હોટલ ઘુંઘટનું નવું વધુ એક સોપાન
નવવિકસીત ગાંધીનગરમાં
હોટલ મીડલ ટાઉન
ભોજન માટે સ્પેશ્યલ ઈન્ડીયન (પંજાબી), કોન્ટીનેન્ટલ, ચાઈનીઝ, આઈસ્કીમ+ કોલ્ડ્રીંક
એકઝીક્યુટીવ લન્ચ : રૂ.૧૯૦
પાવર લન્ચ : રૂ.૧૫૦
એ.સી. બેન્કવેટ હોલ (૨૫૦ વ્યક્તિની કેપેસીટી)
● પાર્કીંગ વ્યવસ્થા
● લીફ્ટની સુવિધા
પ્રમુખ આર્કેડ
web : www.hotelmiddletown.com Email : enquiry@hotelmiddletown.com